ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૩ ટકા

# પર્યાવરણની ઐસી-તૈસી : પાટનગરમાં ફરી પાંદડા સળગ્યા...!!

## સે-૧૧માં વનરાજીમાં લાગેલી આગમાં પ્રકૃતિ પ્રેમીઓનો જીવ કકળ્યો...!!

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર વિશ્વમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધતી જાય છે પરંતુ ગુજરાતના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં આ બાબતે ઉપેક્ષા જોવા મળી રહી છે. એક તરફ પાટનગરમાં હજુ વધુ રસ્તા પહોળા કરવા સેંકડો વૃક્ષોના નિકંદનનો નિર્ણય લેવાયો હોવા અંગે પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે તો બીજી તરફ શહેરમાં વારંવાર સૂકા પાંદડા અને કચરો જાહેરમાં સળગાવવાની ઘટનાઓ બનતી રહી છે. આજે પણ ગાંધીનગરના સે-૧૧માં મહાનગર સેવાસદનના પાછળના વિસ્તારમાં સૂકા પાંદડા કોઈકે બાળતા પ્રદૂષણ પેદા થવા સાથે વૃક્ષોને પણ ભારે નુકશાન પહોંચ્યું હતું.

દિન પ્રતિદિન પર્યાવરણમાં પ્રદૂષણને કારણે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધતી જાય છે અને આ વર્ષે પણ ઉનાળાના પ્રારંભે જ પાટનગરવાસીઓને હરિયાળા શહેરમાં વસવાટ કરવા છતાં કાળઝાળ ગરમીના પ્રકોપનો અનુભવ થઈ રહ્યો છે જેને પગલે સમગ્ર ઉનાળો કેવી વીતશે તે અંગે ચિંતાનો સૂર રેલાઈ રહ્યો છે. વધતા ગ્લોબલ વોર્મિંગ માટે પ્રદૂષણ જવાબદાર છે અને પ્રદૂષણને રોકવા માટેના વિવિધ પગલાં અંતર્ગત સરકાર દ્વારા જાહેરમાં કચરો કે સૂકા પાંદડા બાળવા પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો છે. જો કે અપૂરતી જનજાગૃતિના કારણે આ પ્રકારની ઘટનાઓ હજુ પણ વારંવાર બનતી રહે છે અને શહેરમાં પ્રદૂષણ ફેલાતું રહે છે. આજે ગાંધીનગરના સેકટર-૧૧માં મહાનગરપાલિકાના એમએસ બિલ્ડીંગ પાછળના ખુલ્લા વિસ્તાર નજીક આવેલી વનરાજીમાં મોટી સંખ્યામાં સૂકા પાંદડા ભડભડ સળગતા જોવા મળ્યા હતા. આ આગ સૂકા પાંદડા વચ્ચેના ઘર્ષણથી લાગી કે કોઈ ઈસમે લગાડી તે અંગે તો જાણકારી પ્રાપ્ત થઈ શકી નથી પરંતુ આગે ત્યાંથી પસાર થતાં સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. આ આગના કારણે આ વિસ્તારમાં ધુમાડાના ગોટે ગોટા છવાઈ ગયા હતા તેમજ આ વનરાજીના વૃક્ષોને પણ સારું એવું નુકશાન થવા પમ્યું હતું. આ ઘટનાને પગલે હરિયાળા પાટનગરમાં આ પ્રકારની ઘટનાઓ પર નિયંત્રણ આવે તે માટે તંત્ર દ્વારા સત્વરે સઘન અને કડક કાર્યવાહી કરાય તેવી શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.



# સે-૪માંથી ઝુંપડપટ્ટી સાફ કરાઈ





ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ શાખા દ્વારા સે-૩૦, સે-૨ અને પ્રેસ સર્કલ આસપાસ તાજેતરમાં ઝુંપડપટ્ટી સાફ કરીને દબાણ હટાવવાની કામગીરી તેજ કર્યા બાદ આજે સેકટર-૪-સી વિસ્તારના દબાણો દુર કર્યા હતા. દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે સેકટર-૪-સી વિસ્તારમાં ૩૮ ઝુંપડાઓ ઉપર જેસીબી ફેરવી દીધું હતું. આ દબાણ હટાવ ઝુંબેશ હજુ સઘન બનાવવામાં આવશે તેમ દબાણ અધિકારીએ જણાવ્યું છે.

# ઘ-૬ કોર્નરે ઉભરાતા 'પે એન્ડ યુઝ' શૌચાલયની ગંદકીથી રહીશો ત્રસ્ત....!!!

ગાંધીનગર, તા.૧૧

'સ્માર્ટ સીટી'માં સમાવેશ પામેલું 'ગ્રીનસીટી' ગાંધીનગરના આ બંને ઈલ્કાબ માત્ર કાગળ પર જ ધરાવતું હોવાની પ્રતિતિ શહેરીજનોને થઈ રહી છે. શહેરમાં અનેક ઠેકાણે ગંદકીના થર આ પ્રકારની પ્રતિતિ કરાવવા માટે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. હાલમાં શહેરના ઘ-૬ કોર્નર નજીક છેલ્લા એક સપ્તાહથી 'પે એન્ડ યુઝ' શૌચાલયની ઉભરાઈ રહેલી ગંદકી આ બાબતના જીવંત પુરાવા સમાન છે.

ગાંધીનગરના ઘ-૬ સર્કલ નજીક જાહેર જનતા માટે 'પે એન્ડ યુઝ' શૌચાલય આવેલું છે. આ શૌચાલય આમ તો જનતાની સુવિધા સાચવવા સાથે સ્વચ્છતા જળવાય તે હેતુથી બનાવાયું છે પરંતુ તેના થકી જયારે ગંદકી ફેલાય છે ત્યારે તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. આ શૌચાલય વારંવાર ઓવરફલો થઈ જાય છે અને આસપાસના વિસ્તારમાં દુર્ગંધ સાથે ગંદકી ફેલાઈ જવા પામે છે. છેલ્લા એક સપ્તાહથી આ શૌચાલય ઓવરફલો થઈ રહ્યું છે અને અસહ્ય દુર્ગંધ સાથે ગંદકી ફેલાઈ જવા પામી છે જેના પગલે આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય પણ ઉભો થવા પામ્યો છે. આ અંગે આ વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા તંત્રને ફરિયાદ કરી હોવા છતાં આંખ આડા કાન કરાઈ રહ્યા છે. તંત્રની ઘોર ઉપેક્ષાને પગલે રહીશો ભયંકર પરેશાનીનો ભોગ બની રહ્યા છે સત્વરે આ સમસ્યા અંગે જવાબદાર સત્તાધીશો અને કર્મચારીઓ દ્વારા સત્વરે પગલાં લેવાય અને સફાઈ કાર્ય હાથ ધરાય તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# સે-૨૬માં પોલીસ પોઈન્ટ મુકવા પોલીસ વડાને રજુઆત

## સે-૨૬માં ત્રણ માસમાં પાંચ ઘરફોડ : કિસાનનગર વસાહત મંડળની પોલીસ પેટ્રોલીંગ વધારવા માંગ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં ગુનાખોરીનો ગ્રાફ છેલ્લા એક વર્ષમાં બમણો થઈ જવા પામ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં આ પંથકમાં જ પાંચ જેટલી ઘરફોડ અને સંખ્યાબંધ વાહનચોરીઓ થવા પામી હતી. આ બાબતને લઈને શ્રી કિસાનનગર વસાહત મંડળ દ્વારા જિલ્લા પોલિસ વડાને રજુઆત કરવામાં આવી છે કે સે-૨૬ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે અને પોલીસ પોઈન્ટ મુકવામાં આવે...!

સેકટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં અવારનવાર ઘરફોડ ચોરીઓ થવા લાગી છે તે ઉપરાંત વાહનચોરી, ટાયર ચોરી, બેટરી ચોરી, ચિલ ઝડપ, ચેઈન સ્નેચીંગ સહિતના અનેક ગુનાઓ બમણા થઈ ગયા છે. શહેરના છેવાડાના સેકટરમાં ગુનાખોરી વધી જતા વસાહતીઓ ભયના ઓથાર હેઠળ છે. વસાહતીઓની સલામતી માટે સેકટરની મધ્યમાં પોલીસ પોઈન્ટ મુકવા તથા પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવા શ્રી કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પોપટભાઈ પટેલ અને મહામંત્રી સાંકળચંદ એસ. પટેલ દ્વારા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# આવતીકાલથી સે-૧૬માં જીવન યોગ સેમીનારનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧


ગાંધીનગરમાં સ્વાસ્થ્ય અંગે જાગૃતિ વધુ હોવાને કારણે યોગ પ્રત્યે આકર્ષણ જોવા મળી રહ્યું છે. યોગ થકી શારીરિક અને માનસિક તંદુરસ્તી તેમજ શકિત પ્રાપ્ત થતી હોવા ઉપરાંત વિશેષ શાંતિની અનુભૂતિ કરવાના હેતુથી આગામી તા. ૧૩મી એપ્રિલથી તા. ૨૩મી એપ્રિલ દરમિયાન યોગસેવક વિરમ દ્વારા નિઃશુલ્ક જીવનયોગ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ જીવન યોગ સેમિનાર સે-૧૬માં રંગમંચની સામે જાહેર બગીચામાં દરરોજ સવારે ૫.૪૫ થી ૭.૧૫ વાગ્યા દરમિયાન યોજાશે.

જીવનયોગ સેમીનારમાં ભાગ લેવાથી આત્મવિશ્વાસ શકિતમાં વધારો થવાનો, શારીરિક તેમજ માનસિક તંદુરસ્તી મળવા ઉપરાંત રચનાત્મક અભિગમમાં વધારો થવો, ઉત્પાદકીય કાર્યશકિતમાં વૃધ્ધિ થવી, શારીરિક તથા માનસિક બિમારીઓ સામે રક્ષણ મળવું, માનસિક શાંતિ પ્રાપ્ત થવી, ધૈર્યશકિતમાં વધારો થવો તેમજ સંકલ્પ શકિતમાં વધારો થવાનો આયોજકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે. આ સેમીનારમાં દૈનિક વ્યાયામ સાથે યોગાભ્યાસ અંગેનું માર્ગદર્શન પણ પુરું પડાશે. જીવન યોગ સેમીનારમાં ભાગ લવા માટે સેકટર-૧૬માં મુખ્ય શોપીંગ સેન્ટરમાં દુકાન નં. ૩ વિદ્યાર્થી બુક સ્ટોર ખાતે રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. રજીસ્ટ્રેશન માટે સવારે ૯.૩૦ થી ૧૨ અને સાંજે ૪.૩૦ થી ૮.૩૦ સુધીનો સમય નિયત કરવામાં આવ્યો છે.

# મનપાની ભરતી માટેના ફોર્મના ચલણ ભરવાની તારીખ ૨૧મી એપ્રિલ સુધી લંબાવાઈ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી જુદી જુદી પોસ્ટની ભરતી માટેની ઓનલાઈન અરજી કરવાની તારીખ પૂર્ણ થતા હાલ પોસ્ટની ચલણ ફી ભરવા માટે શહેરની પોસ્ટ ઓફિસમાં લાંબી લાઈનો ઉમેદવારોની જોવા મળી હતી. ૨૫૦ જેટલી જગ્યાઓ માટે અંદાજીત દોઢ લાખથી વધુ અરજીઓ આવતા ચલણ ભરવામાં ભારે ધસારો થતા તંત્રએ ચલણ ભરવા માટેની તારીખ વધુ ૧૦ દિવસ વધારી દીધી છે. આથી યુવાનો આગામી ૨૧મી ઓપ્રિલ સુધી ચલણ ભરી શકશે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા થોડા દિવસો અગાઉ પાલિકા તંત્રમાં વિવિધ ખાલી જગ્યાઓ ભરવા માટે ૨૫૦થી વધુ જુદી જુદી પોસ્ટ માટે ભરતી અંગેની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આ ભરતી અંગેના ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૦ એપ્રિલ હતી જે પૂર્ણ થતા અંદાજે દોઢ લાખથી વધારે યુવાનોએ અરજી કરી હેવાનું જાણવા મળ્યું હતું. જેના લીધે પરીક્ષા ફી ચલણ ભરવા માટે છેલ્લા ઘણા દિવસોથી શહેરની વિવિધ પોસ્ટ ઓફિસમાં યુવાનોનો ધસારો જોવા મળી રહ્યો છે. યુવાનો લાંબી લાંબી કતારમાં જોવા મળી રહ્યા છે. આથી પોસ્ટ વિભાગમાં ચલણ ભરવાની તારીખ ૧૦ દિવસ લંબાવી દેવામાં આવી છે. હવે યુવાન આગામી ૨૧મી એપ્રિલ ૨૦૧૮ સુધી ચલણ ભરી શકશે.




ગાંધીનગર શહેરની ગ્રીનસીટીની ઓળખ હતી પરંતુ સમય પસાર થતા શહેરનો રોકેટગતિએ વિકાસ થતા હજ્જારો વૃક્ષોનું નીકંદન નીકળી ગયું છે. શહેરની કેટલીક સંસ્થાઓ પર્યાવરણ બચાવવા માટે નાગરિકોને પહેલ કરે છે. પર્યાવરણ પ્રેમીઓ પણ વૃક્ષ કપાતા અટકાવવાની ઝુંબેશ ચલાવે છે ત્યારે આજે શહેરના સે-૨૯માં રહેતા શૌર્યરાજસિંહ ચૌહાણ, શિવ પટેલ અને સાંઈ પટેલે પર્યાવરણને બચાવવા માટે વૃક્ષ નીચે કલાકો સુધી ઉભા રહીને 'ડોન્ટ કટ મી'ના સ્લોગન સાથે પર્યાવરણને બચાવવા માટે અપીલ કરી હતી.

# સિવિલમાં એકસ-રે નું એક જ મશીન કાર્યરત : દર્દીઓની લાંબી કતારો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એકસ-રે વિભાગમાં બે મશીન કાર્યરત હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી પ્રિન્ટ ઝાંખી આવતી હોવાની સમસ્યાને પગલે માત્ર એક જ મશીન કાર્યરત હોવાથી એકસ-રે માટે દર્દીઓની લાંબી કતારો સવારથી સાંજ સુધી જોવા મળે છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓની હાલત જાયે તો જાયે કહા જેવી સ્થિતિ સર્જાઈ છે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૩ વર્ષથી સીટીસ્કેન મશીન નથી. સોનોગ્રાફીમાં પણ વેઈટીંગ લીસ્ટ ચાલતુ હતું. જે સમય જતા સરખુ થયું છે. ત્યારે દર્દીઓની આરોગ્યલક્ષી સેવામાં માત્ર એકસ-રે મશીન હતું. તે પણ કયારે ખોટકાય અને કયારે બંધ થાય તે કોઈ જાણે નહી. તેમ છતા એકસ-રે ના બે મશીન કાર્યરત હોવાથી દર્દીઓને રાહત મળતી હતી. ઓર્થોપેડીકના દર્દીઓ તેમજ તાત્કાલીક વિભાગમાં આવતા અકસ્માતગ્રસ્ત દર્દીઓને પ્રાથમિક સારવાર બાદ પ્રથમ નજરે એકસ-રે પડાવ્યા બાદ જ ડોક્ટર્સ દ્વારા સારવાર આપવામા આવે છે. ત્યારે સિવિલમાં ડચકા ખાઈને ચાલતા એકસ-રેના મશીનમાં એક મશીનની પ્રિન્ટ છેલ્લા કેટલાક સમયથી ઝાંખી આવતી હતી. જેને પગલે ડોક્ટર્સને એકસ-રે જોવામાં તકલીફ પડતી હતી. ત્યારે ઝાંખી પ્રિન્ટવાળુ મશીન બંધ કરવામાં આવતા રોજના ૨૫૦ થી વધુ દર્દીઓને માત્ર એક એકસ-રે મશીનનો સહારો લેવાનો વારો આવ્યો છે. જેને પગલે એકસ-રે વિભાગમાં દર્દીઓની લાંબી કતારો સર્જાવા લાગી છે. લાઈનમાં બેસીને કંટાળી જતા દર્દીઓ ખાનગીમાં જઈને પણ એકસ-રે પડાવી આવે છે. તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓ બસ ના મળવાની બીકમાં સારવાર વિના ઘરે પરત ફરે છે. તેવી સ્થિતિમાં એકસ-રેનું મશીન સત્વરે શરુ થાય તેવી દર્દીઓની લાગણી અને માંગણી પ્રબળ બની છે.

# ભાજપના ધરણા કાર્યક્રમને પગલે સે-૬ અપનાબજાર પાસેના દબાણો હટાવાયા

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૬ અપના બજાર પાસે આવતી કાલે ગાંધીનગર ભાજપ દ્વારા યોજાનાર ધરણાના કાર્યક્રમને લઈ દબાણ તંત્ર એ આસપાસના સર્વિસ રોડ પરના દબાણો હટાવવા સૂચના આપી દીધી હતી જેથી નાના લારી ગલ્લાવાળા મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેરના સેકટર-૬ અપનાબજાર પાસે કોંગ્રેસ તેમજ વિપક્ષ સામે ધરણાના કાર્યક્રમનું આયોજન કરાયું છે. સવારે ૧૧ થી ૪ દરમિયાન યોજાનાર આ ધરણાના કાર્યક્રમને પગલે તંત્રનું દબાણ વિભાગ અચાનક જ સક્રિય થઈ ગયું છે અને અપના બજાર સામેના સર્વિસ રોડના દબાણો હટાવવા એકાએક આવી અલ્ટીમેટમ આપી દીધું હતું. આથી નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ધરણા કોકના ને ધંધા અમારા કેમ બંધ થાય તે સમજાતું નથી તેવો પણ સૂર ઉઠવા પામ્યો છે. હકીકત એ પણ છે ભાજપે આખી સત્યાગ્રહ છાવણી છોડી ધરણાનો કાર્યક્રમ આવા સ્થળે શા માટે કર્યો છે. બીજું કે તંત્ર આમ તો મૂળ સત્યાગ્રહ છાવણી પર પણ ધરણાની મંજૂરી આપવામાં આનાકાની કરે છે તો ભાજપને આવા સ્થળે કેમ મંજૂરી આપી દીધી તે સમજાતું નથી.

# શહેરમાં રોજની ૨૦ હજાર લીટર છાશનું વેચાણ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પગલે દહીં-છાશમાં ધરખમ વધારો થવા પામ્યો છે. શિયાળા તેમજ ચોમાસામાં સવાર-સાંજ મળીને કુલ ૧૦થી ૧૨ હજાર લીટર છાશનું તેમજ એક ટન દહીંનું વેચાણ થાય છે ત્યારે ઉનાળાના પ્રારંભે જ શહેરમાં રોજની ૨૦ હજાર લીટર છાશનું વેચાણ થાય છે. જયારે દહીંના વેચાણમાં બમણો વધારો થવા પામ્યો છે. ત્યારે ઉનાળાની ગરમીને પગલે શહેરમાં રોજની ૮ હજાર લીટર છાશ વધુ વેચાય છે. જયારે શહેરી વિસ્તારમાં તો બપોર સુધીમાં છાશ મળતી પણ નથી.

આકરી ગરમીના દિવસોમાં હિટવેવથી બચવા માટે નગરજનો રસાળફળો તેમજ ઠંડા પદાર્થોનું સેવન વિશેષ પ્રમાણમાં કરે છે. જયારે આકરી લુ થી બચવા કેરી ડુંગળી પણ વધુ પ્રમાણમાં ખાય છે. ગરમી દરમિયાન ડિહાઈડ્રેશનની તકલીફ વધી જતી હોય છે આવા સંજોગોમાં આમ નાગરીકો ઠંડુ પાણી તેમજ ઠંડી છાશ પીવાનો આગ્રહ રાખે છે. ગરમીમાં ઠંડી છાશ પીવાનું હિતકારક મનાય છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ ઉનાળામાં છાશને ઉત્તમ માનવામાં આવે છે. જેને અનુલક્ષી શહેરમાં હાલ છાશના વેચાણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. એક અંદાજ મુજબ શહેરમાં રોજ ૨૦ હજાર લીટર છાશ વેચાય છે. જે સામાન્ય દિવસોમાં ૧૦ થી ૧૨ હજાર લીટર છાશનું વેચાણ થાય છે. ત્યારે ઉનાળાના પગલે શહેરમાં રોજની ૮ હજાર લીટર છાશ વધુ વેચાય છે. તેવી જ રીતે દહીંની બનાવટોનો ઉપયોગ પણ વિશેષ થતો હોવાથી દહીંના વેચાણમાં પણ અધધ વધારો થયો છે. શહેરમાં રોજનું બે ટન દહીં વેચાય છે. ત્યારે ઉનાળાના પ્રારંભ જ દહીં તેમજ છાશમાં આટલો વધારો થવા પામ્યો છે ત્યારે આગામી દિવસોમાં અંગ દઝાડતી ગરમી અને લગ્નસરાની મૌસમ ખીલી ઉઠશે. ત્યારે આ વેચાણ કરતા પણ વધુ વેચાણ દહી છાશમાં જોવા મળશે. શહેરી અને ગુડા વિસ્તાર થઈને કુલ ૨૦૦ કેન્દ્રો પરથી દુધ વિતરણ કરવામાં આવે છે. સે-૨૧ સ્થિત ગાંધીનગર દુધ વાપરનારાઓની મંડળી દ્વારા વર્ષ ૧૯૭૫ થી દુધ વિતરણ ની વ્યવસ્થા સંભાળવામાં આવે છે.



## @ગાંધીનગર

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે 'આંબેડકરવાદી સાહિત્ય' પુસ્તક વિશે હરીશ મંગલમનું વ્યાખ્યાન સમિતિ ખંડ, ડૉ. આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર મનપા દ્વારા શહેરમાં પ્રોપર્ટી ટેક્ષના ચુકવણા માટે ઓનલાઈન વેબસાઈટની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. જો કે ઓનલાઈન પેમેન્ટ કરતા કરદાતાઓમાં પેમેન્ટ બેંક ખાતામાંથી કપાઈ જવા છતાં વેબસાઈટ પર નહી દર્શાવતુ હોવાની અને રસીદ જનરેટ થતી ના હોવા જેવી ફરિયાદો પણ ઉઠવા પામી છે.

● શહેરમાં વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સે-૬માં સત્યાગ્રહ છવણી નજીકના મેદાનમાં આનંદમેળાના આયોજકોએ ધામા નાંખી તેમના પંડાલ ઉભા કરવાની કામગીરી આરંભી દીધી છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૧

પછાત વર્ગ માટે આજીવન સંઘર્ષ કરનાર વિશ્વના મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ તા. ૧૪ શનિવારના રોજ ગુજરાત વિધાનસભા સામે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સંકુલ 'પ્રેરણા ભૂમિ' ખાતે ભારે ઉત્સાહ અને ધામધૂમથી વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં કરવામાં આવનાર હોઈ આ મહામુલા પ્રસંગે સર્વેને પધારવા પ્રમુખ ડી.જી. અરસોડા દ્વારા ભાવભીનું નિમંત્રણ આપવામાં આવે છે.

## આંબેડકર યુનિવર્સિટીના સ્થાપના દિને રાષ્ટ્રીય સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યુનિ.ના ૨૫મા સ્થાપના દિન રજતજયંતિ મહોત્સવ નિમિત્તે તા. ૧૩ અને ૧૪મી એપ્રિલના રોજ આંબેડકર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાષ્ટ્રીય સંમેલન યોજાશે.

આ રાષ્ટ્રીય સંમેલનમાં જુદા જુદા બે વિષય પર કાર્યક્રમ યોજાશે. જેમાં ૧૩ તથા ૧૪મી એપ્રિલે 'રાષ્ટ્રે જાગૃયાય વયમ્' શિર્ષક હેઠળ સમારોહ યોજાશે. આ સમારોહમાં ઉદઘાટક પદે રાજયપાલ ઓ.પી. કોહલી, અતિથિવિશેષ પદે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિભાવરીબેન દવે ખાસ આમંત્રિત પદે, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડયા, ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પંકજ જાની ઉપસ્થિત રહેશે.

ઉપરાંત ૧૪મી એપ્રિલે 'બૌધ ધર્મ અને બાબાસાહેબ આંબેડકરજી' સમારોહ યોજાશે. જેમાં સાંસદ અને ભારતીય જનતા યુવા મોર્ચાના અધ્યક્ષ પૂનમ મહાજન તથા અતિથિ વિશેષ પદે ગુજરાત ભારતીય જનતા યુવા મોર્ચાના અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલ, પ્રજ્ઞેશ વાઘેલા તથા ખાસ ઉપસ્થિતિ પદે પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડયા તથા કુલપતિ ડૉ. પકજ જાની હાજર રહેશે.

## ચિરવિદાય

- સ્વ. રામનારાયણ શોભાકાન્ત જહા, ઉ.વ. ૬૬
- સ્વ. કપીલા ભગવાન ચૌહાણ, ઉ.વ. ૪૪
- સ્વ. ખેતુબેન લાલજીભાઈ સોલંકી, ઉ.વ. ૮૦